# દાવિદ ગોવાળિયો અને ગોલ્યાથ રાક્ષસ

## (ફાધર વર્ગીસ પોલ)

દાવિદ બેથલેહેમમાં રહેતા ઈશાઈનો સૌથી નાનો દીકરો હતો. તે પોતાના બાપ ઈશાઈનાં ઘેટાં ચરાવતો હતો. તે એક સારોગોવાળિયો હતો. પોતાનાં બાપ ઈશાઈનાં ઘેટાં ચરાવતો હતો. તે એક સારો ગોવાળિયો હતો. પોતાનાં સૌ ઘેટાંને તે નામથી ઓળખતો હતો. એને પોતાનાં ઘેટાં ખૂબ વહાલાં હતાં. વાઘવરુ આવી ચઢે તો તે કદી ભાગી જતો નહોતો.

દાવિદ ખૂબ બહાદુર માણસ હતો. એના ત્રણ મોટાભાઈઓ રાજા શાઉલ સાથે યુદ્ધમાં ગયા હતા. દાવિદ અવારનવાર તેના બાપનાં ઘેટાંની સંભાળ રાખવા શાઉલની છાવણી અને બેથલહેમ વચ્ચે આવજા કરતો હતો. એક દિવસ ઈશાઈએ દાવિદને કહ્યું, “તારા ભાઈઓ માટે આ બે મણ ધાણી અને દસ રોટી છાવણીમાં છોડતો જા અને આ દસ પનીર સેનાપતિ માટે લઈ જા. તારા ભાઈઓના કુશળ સમાચાર જાણીને અને તેમની કંઈ એંધાણી લઈને પાછો આવ. રાજા શાઉલ, તારા ભાઈઓ અને બધા ઈસાયલીઓ એલાની ખીણમાં પલિસ્તીઓ સામે લડી રહ્યા છે.”

બીજે દિવસે વારે ઘેટાં સંભાળવાનું કામ રખેવાળને સોંપીને દાવિદ છાવણીએ આવી પહોંચ્યો. દાઉદે પોટલું કોઠાર સાચવનાર અમલદારને સોંપ્યું અને યુદ્ધભૂમિ ઉપર દોડી જઈ પોતાના ભાઈઓને કુશળ સમાચાર પૂછવા લાગ્યો.

તે સમયે રોજ મુજબ પલિસ્તી યોદ્ધા ગોલ્યાથે સેનામાંથી બહાર આવીને ઈસાયલીઓને પડકાર ફેંક્યો. દાવિદે એ સાંભળ્યું. ઈસાયલીઓ “ગોલ્યાથને જોઈને ભયના માર્યા નાસવા લાગ્યા, તેઓ કહેવા લાગ્યા, ગોલ્યાથી ઈસાયલીઓને પકડવા આવ્યો છે. એને જે મારી નાખી તેને રાજા મોટું ઈનામ આપશે, પોતાની કુંવરી પરણાવશે અને તેના કુટુંબને રાજાની સેવામાંથી મુક્તિ આપશે.”

દાવિદે જોયું કે ગોલ્યાથ ઈસાયલીઓની તેમજ તેમના ઈશ્વરની મશ્કરી કરી રહ્યો હતો. પણ ગોલ્યાથ જોડે બાથ ભીડવા એકેય ઈસાયલીમા હિંમત નહોતી. દાવિદ છાવણીમાં આવ્યાની વાત સાંભળીને રાજા શાઉલે તેને તેડાવ્યો.

“હિંમત હારવાની જરૂર નથી. એ પલિસ્તી સાથે આ સેવક લડવા જશે.” દાવિદે રાજાને કહ્યું.

“તું તો નાનો છોકરે છે અને એણે તો નાનપણથી આખી જિંદગી લડવામાં જ ગાળી છો. શાઉલે કહ્યું.”

“નામદાર, હું મારા બાપનાં ઘેટાં ચારું છું. કોઈ વાર સિંહ કે રીંછ આવીને અમારા ટોળામાંથી ઘેટું ઉપાડી જાય છે. તો હું તેની પૂંઠે પડીને તેના ઉપર હુમલો કરી તેના મોંમાથી તેને છોડાવી લાવું છું. મેં સિહોને અને રીંછોને માર્યા છે અને જીવતાજાગતી દેવની સેનાનું અપમાન કરનાર આ કાફર પલિસ્તીઓના પણ એ જ હાલ કરીશ.” દાવિદે કહ્યું.

“તો ભલે જા. પ્રભુ તારું રક્ષણ કરો.” શાઉલે કહ્યું. પછી શાઉલે દાવિદને પોતાનું બખ્તર પહેરાવ્યું. દાઉદે બખ્તર સાથે ચાલવાનો પ્રયત્ન કર્યો. પણ તેને ફાવ્યું નહિં એટલે તેણે બખ્તર ઉતારી નાખ્યું. દાવિદે પોતાની ડાંગ હાથમાં લીધી અને નદીના વહેણમાંથી પાંચ સુંવાળા પથરા ઉપાડીને થેલામાં મૂક્યા અને હાથમાં ગોફણ લઈને તે પેલા પલિસ્તીનો સામનો કરવા ઉપડી ગયો.

દાવિદને જોઈને ગોલ્યાથના મનમાં તિરસ્કાર જન્મ્યો. કારણ, દાવિદ તો ક ગલગોટા જેવો રૂપાળો છોકરડો હતો. તેણે દાવિદને પડકાર ફેંક્યો, “આવી જા, હું તારું માંસ આકાશનાં પક્ષીઓને અને વગડાનાં પ્રાણોને ખાવા આપીશ.”

પણ દાવિદે જવાબ આપ્યો. “તું મારી સામે તલવાર, ભાલો અને કટાર લઈને આવ્યો છે, પણ હું તારી સામે જે ઈસાયલી સેનાનું તે અપમાન કર્યું છે તેના ઈશ્વર સર્વશક્તિમાન પ્રભુને નામે આવ્યો છું. આજે જ પ્રભુ તને મારા હાથમાં સોંપી દેશે અને હું તારો જીવ લઈશ. આખી દુનિયાને ખાતરી શકે કે, ઈસાયલનો પણ દેવ છે. અહીં ભેગા થયેલા સૌ કોઈ જોશે કે, પ્રભુનું રક્ષણ કરવા માટે નથી તલવારની જરૂર કે નથી ભાલાની જરૂર, યુદ્ધમાં વિજય પ્રભુનો છે.”

ગોલ્યાથ ફરી દાવિદ તરફ આગળ વધ્યો. ત્યાં દાવિદ પલ્સિતીઓની સેના તરફ તેનો સામનો કરવા દોડી ગયો. દાવિદે થેલીમાં હાથ નાખીને એક પથરો કાઢયો અને તે ગોફણમાં મૂકી પલિસ્તીના કપાળમાં માર્યો. પથરો તેના કપાળમાં પેસી ગયો. અને તે ઊંધે માથે ભોંય પર પછડાઈ પડયો. પથી તેણે તેની પાસે દોડી જઈને તેના શરીર ઉપર ઊભા રહી તેની મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢી તેનું માથું ઉડાવી દઈ તેનો અંત આણ્યો. પોતાના યુદ્ધવીરને મરેલો જોઈને પલિસ્તીઓ બધા ઊભી પૂંછડીએ ભાગી ગયા અને ઈસાયલીઓ સાથે લડવાની ખો ભૂલી ગયા.

દાવિદે પલિસ્તી ગોલ્યાથને માર્યા પછી એ લોકો પાછા ફરતા હતા ત્યારે રસ્તે આવતાં ઈસાયલના બધાં જ શહેરોને સ્ત્રીઓ રાજા શાઉલને વધાવવા ખંજરી અને વીણા વગાડતી વગાડતી નાચતી અને અનંદના ગીતો ગાતી બહાર આવતી. ઉત્સવના ઉલ્લાસમાં તેઓ એવું ગીત ગાતી હતીતે, “શાઉલે હજારોનો ધાણ કાઢી નાખ્યો છે, પણ દાવિદે તો લાખોનો.”

આ સાંભળીને રાજા  શાઉલ ગુસ્સે થયો અને બોલ્યો, “દાવિદને એ લોકો લાખોનું શ્રેય આપે છે, જ્યારે મને માત્ર હજારોનું જ! હવે તો એને રાજા થવું જ બાકી છે.” તે દિવસથી શાઉલે દાવિદની ઈર્ષ્યા કરવા માંડી.

દાવિદ અમુક કાળ શાઉલ રાજા દરબારમાં રહ્યો. શાઉલ ઘણી વાર ઉદાસ થઈ જતો. એ વખતે હંમેશાં દાવિદ વીણા વગાડતો હતો. વીણા સાંભળીને શાઉલ ફરી પ્રસન્ન બની જતો. એક દિવસ શાઉલ ઉદાસ બન્યો ત્યારે હંમેશની માફક દાવિદ વીમા વગાડતો હતો અને શાઉલના હાથમાં ભાલો હતો. "હું તેને ભાલાથી ભીંતે જડી દઉં." એમ વિચારીને શાઉલે તેના ભણી બે વાર ભાલો ફેંક્યો, પણ દાવિદે બંને વાર ઘા ચૂકવ્યો. ત્યારથી શાઉલ દાવિદથી ડરવા લાગ્યો, કારણ, પ્રભુ દાવિદને સાથ આપતો હતો એટલે દાવિદ તેમના તમામ શત્રુઓને હરાવી દેતો હતો. તેથી શાઉલે તેને પોતાના સેનાપતિ બનાવ્યો.

એક દિવસ શાઉલે દાવિદને કહ્યું, "આ મારી મોટી દીકરી મેરાબ છે. એને હું તારી સાથે પરણાવું જો તું યુદ્ધમાં બહાદુરી અને વફાદારીપૂર્વક મારી સેવા બજાવતો હોય અને પ્રભુના યુદ્ધ લડતો હોય." શાઉલના મનમાં એમ કે, આ રીતે એ પલિસ્તીઓને હાથે માર્યો જશે અને મારે એને મારવો નહિ પડે. પણ જ્યારે શાઉલની દીકરી મેરાબને દાવિદ સાથે પરણાવવાનો સમય આવ્યો ત્યારે તેને મહોલાના અદ્રિયેલ સાથે પરણાવી દેવામાં આવી.

શાઉલની બીજી દીકરી મિખાલ દાવિદના પ્રેમમાં પડી અને શાઉલને જ્યારે આની ખબર પજી ત્યારે તે બહુ રાજી થયો. તેણે વિચાર્યું, "હું મિખાલને દાવિદ સાથે પરાવીશ. તે દાવિદને ફસાવશે અને પલિસ્તીઓને હાથે દાવિદ મરશે." આથી શાઉલે બીજી વાર દાવિદને કહ્યું, "તારે મારા જમાઈ થવાનું છે."

રાજા શાઉલના હેતુ વિશે દાવિદને શંકા હતી. પરંતુ રાજાના દરબારીઓ અને અમલદારોએ દાવિદને સમજાવ્યું કે તે પલ્લામાં રાજાના દુશ્મન પલિસ્તીઓમાંથી સો જણને મારી નાખીને રાજાના જમાઈ બની શકે છે. રાજાના જમાઈ થવાની વાત દાવિદને પસંદ પડી. એટલે ઠરાવેલા દિવસ પહેલાં દાવિદ અને તેના માણસોએ જઈને બસો પલિસ્તીઓને મારી નાખ્યા. આશા શાઉલે પોતાની દીકરી મિખાલ દાવિદને પરણાવી.

શાઉલ સ્પષ્ટ સમજી ગયો કે પોતાની દીકરી મિખાલ દાવિદના પ્રેમમાં છે અને પ્રભુ દાવિદની સહાયમાં છે, આથી તે દાવિદથી વધુ અને વધુ ડરવા લાગ્યો અને તેનો જીવભરનો દુશ્મન બની ગયો.

શાઉલે પોતાના દીકરા યોનાથાનને અને પોતાના બધા અમલદારોને દાવિદને મારી નાખવાના પોતાના ઈરાદાની વાત કરી. પણ યોનાથાનને દાવિદ ઉપર ખૂબ હેત હતું. તેથી તેણે દાવિદને ચેતવ્યો. પછી યોનાથને શાઉલ આગળ દાવિદનાં વખાણ કર્યા અને કહ્યું, "મુરબ્બી, તમારે તામાર સેવક દાવિદને અન્યાય ન કરવો જોઈએ." યોનાથાનની વાત માનીને શાઉલે પ્રભુને નામે પ્રતિજ્ઞા કરી કે, "મારે દાવિદને મારવો નહિ." એટલે યોનાથાન દાવિદને શાઉલ પાસે લઈ ગોય. અને દાવિદ પહેલાંની માફક રાજાની સેવા કરવા લાગ્યો.

ત્યારબાદ એક રાત્રે શાઉલે દાવિદના ઘર ઉપર નજર રાખવાને માણસો મોકલ્યા. તેનો ઈરાદો સવારમાં તેને મારી નાખવાનો હતો. પરંતુ દાવિદની પત્ની મિખાલે તેને ચેતવીને તેણે દાવિદને રાતોરાત એક બારીમાંથી નીચે ઉતાર્યો અને દાવિદ ભાગી ગયો. ઘણાં વર્ષો સુધી

દાવિદ અને તેના સાથીઓ શાઉલથી લપાતા છુપાતા રહ્યા. કોઈક વાર પોતાના ગાઢ મિત્ર યોનાથાનની મદદથી દાવિદ રાજા શાઉલના હાથમાંથી છટકી શકતો.

એક વાર શાઉલ આખા ઈસ્રાયલમાંથી ચૂંટી કાઢેલા ત્રણ હજાર માણસો લઈને દાવિદા અને તેના માણસોની શોધમાં નીકળી પડયા. જંગમાં ક ગુફા હતી ત્યાં શાઉલ કુદરતી હાજતે ગયો. એ જ ગુફાની ઠેઠ અંદરના ભાગમાં દાવિદ અને તેના માણસો સંતાયેલા હતા. દાવિદે ઊભા થઈને ખબર ન પડે એ રીતે શાઉલના ઝભ્ભાની ચાળ કાપી લીધી. પણ દાવિદે પોતાના માણસોને રોક્યો અને શાઉલ ઉપર હુમલો કરવા દીધો નહિ.

શાઉલ ગુફા છોડીને રસ્તે પડયો ત્યારે દાવિદે ગુફામાંથી બહાર આવી તેને બૂમ પાડી, “રાજા સાહેબ!” શાઉલે પાછા ફરીને જોયું એટલુ દાવિદે ભોંય પર લાંબા થઈ પ્રણામ કરીને કહ્યું. “દાવદ આપને મારવા ફરે છે” એવું કહેનાર લોકોનું તમે શું કરવા સાંભળો છો? આજે પ્રભુએ આપને ગુફામાં મારા હાથમાં સોંપી દીધા હતા અને કેટલાકે મને આપને મારી નાખવાનું કહ્યું ખરું, પણ મેં આપને જવા દીધા. જુઓ બાપજી, આ આપના ઝભ્ભાની ચાળ મારા હાથમાંથી રહી. મેં એ કાપી લીધી, પણ આપનો વધ ન કર્યો.

દાવિદ બોલી રહ્યો એટલે શાઉલે કહ્યું, “આ મારો દીકરો દાવિદ બોલે છે? તેં મારું કેટલું બધું ભલું કર્યું છે, જ્યારે મેં તારું કેટલું બધું બૂરું કર્યું છે! એનો પ્રભુ તને બદલો આપો.” પછી શાઉલ પાછો ઘેર ગયો, જ્યારે દાવિદ અને તેના માણસો પાછા જંગલમાં ભરાઈ ગયા.

તે અરસામાં પલિસ્તીઓ ફરી એક વાર ઈસ્રાયલીઓ સામે યુદ્ધે ચડયા. શાઉલની આસપાસ ખૂંખાર યુદ્ધ મચ્યું. પલિસ્તીઓએ શાઉલનો અને તેના ત્રણ દીકરીઓનો પીછો પકડયો અને ત્રણેય દીકરાને મારી નાખ્યા. શાઉલ પણ સખત રીતે ઘાયલ થયો. શાઉલ પલિસ્તીઓના હાથમાં પડવાની બીકથી પોતાની તલવાર પડતું મેલીને મૃત્યુ પામ્યો.

દાવિદને શાઉસ અને યોનાથાનના મૃત્યુના સમાચાર મળતાં તે અને તેના માણસો છાતી ફૂટીને રોવા લાગ્યા અને સાંજ થતાં સુધી તેમણે ઉપવાસ કર્યો.

(છેલ્લે બદલ્યાની તારીખઃ 16-12-2006)

(ફરી બદલ્યાની તારીખઃ 01-01-2007)

ફાધર વર્ગી,સ પોલ (ઝ) કોપીરાઈટ 2006